રમાર્થ




## તમારા વિસ્તારના નેચરોપેથ બનો

**નેચરોપેથી અભ્યાસ :** સેકડો વિદ્યાર્થીઓએ DNYS કર્યુ ને હાલ ગુજરાતની અંદાજે ૩૦ પ્રાકૃતિક ચિકિત્સા સંસ્થાઓમાં પૂર્ણ સમયના ચિકિત્સક કે પોતાના વિસ્તારમાં નેચરોપેથ તરીકે કાર્યરત છે. જેઓ હાઈડ્રોથેરાપી (એનીમા, લપેટ, હાથ-પાદ સ્નાન, કટીસ્નાન, પૂર્ણ ટબસ્નાન) મડથેરાપી(આંખ-પેટ માટીપટ્ટી તથા પૂર્ણ માટીસ્નાન) માલિશ, આહાર ચિકિત્સા જેવી ટ્રીટમેન્ટ દ્વારા મોટાભાગના રોગો(ઓબેસિટી, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, કમર, ગોઠણ-ગરદન તથા તમામ પ્રકારના સાંધાના દુઃખાવાઓ, પેટ રોગ જેવા કે એસિડિટી, કબજિયાત, અપચો, ગેસ ઉપરાંત મનના રોગ જેવા કે હતાશા-ડિપ્રેશન અને પેરેલીસીસ વિ.)માં રાહત આપી રહ્યા છે.

**પ્રમાણપત્ર-સહયોગ : ભોપાલની માન્ય સંસ્થાઓ;** (૧) મધ્ય પ્રાકૃતિક ચિકિત્સા પરિષદ(**CNYS**) (૨) વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ નેચરલ હેલ્થ એન્ડ યોગ(**DNYS**) આપશે.

**રજીસ્ટ્રેશન-અભ્યાસ : પરમાર્થ ફાઉન્ડેશન દ્વારા** ૧.૫ વર્ષના બે અભ્યાસ(CNYS-DNYS)

**CNYS લાયકાત :** ધોરણ ૧૦ પાસ / ૧૨ નપાસ-બે અભ્યાસ(CNYS)

**DNYS લાયકાત : CNYS** પાસ કે **ધોરણ ૧૨Sc પાસ - ૧ વર્ષ**

**વય :** ૧૬ વર્ષથી સિનિયર સિટીઝન-કોઈપણ ઉંમરના ભાઈ બહેનો.

**CNYS-6 Monhs :** રજીસ્ટ્રેશન -૧૦૦૦ રૂપિયા, CNYS ફી-૭૦૦૦ (ઓનલાઈન અભ્યાસ, પુસ્તક-સાહિત્ય, પ્રેક્ટીકલ તાલીમ ને પરીક્ષા ખર્ચ સાથે) માં પ્રાકૃતિક ચિકિત્સક બની શકશો.

**ઓનલાઈન અભ્યાસ :** ઘરે બેઠા જાન્યુઆરી-ફેબુઆરી થી શનિ(10-12 AM, 5 PM)રવિ(10-12 AM) માં હિન્દીમાં ઓનલાઈન ભણાવાશે.

**સ્ટુડન્ટ કોન્ટેક્ટ પ્રોગ્રામ**(SCP): જે કંઈ સમજવામાં પ્રશ્ન હોય તે માટેના માર્ગદર્શન કાર્યક્રમ પરમાર્થ ફાઉન્ડેશન દ્વારા ભાવનગરમાં **રૂબરૂ/ઓનલાઈન** નક્કી કરેલ સમયે આપવામાં આવશે.

**પરીક્ષા : CNYS** ભાવનગરમાં ગુજરાતી / હિન્દીમાં **પરીક્ષા** થશે.

**૧. આ સાથે તમે અન્ય નિયમિત કોર્ષ પણ કરી શકો છો.**

**૨. ફી ભર્યા પછી પરત અપાશે નહીં.**

૩. પ્રેક્ટીકલ તાલીમ પ્રમાણપત્ર પરમાર્થ ફાઉન્ડેશન ભાવનગરમાં અપાશે.

૪. પ્રેક્ટીકલ તાલીમમાં **પ્રાકૃતિક ચિકિત્સા સાધન** આપવામાં આવશે.

**૫. ચિકિત્સામાં કોઈ પણ પ્રકારની દવા આપવાની હોતી નથી.**

૬. **વિનામૂલ્યે સાહિત્ય :** ૫ ગુજરાતી પુસ્તક +પાંચ હિન્દી પુસ્તક અપાશે.

**અભ્યાસ-6 Monhs - CNYS :** ઘેર બેઠા હિન્દી/ગુજરાતીમાં ઓનલાઈન.

**પ્રાયોગિક તાલીમ (૫૦-૧૦૦ કલાક) :** ભાવનગરમાં **પ્રેક્ટીકલ ગુજરાતીમાં અપાશે.**

**સંસ્થા તથા લાભાર્થીની અનુકૂળતા મુજબ રૂબરૂ તાલીમ આપવામાં આવશે.**

CNYS **રૂ. ૮ હજાર (રજીસ્ટ્રેશન-૧૦૦૦ રૂપિયા+ઓનલાઈન અભ્યાસ, પુસ્તક-સાહિત્ય, પ્રેક્ટીકલ તાલીમ ને પરીક્ષા)** ને આ જ્ઞાન દ્વારા **પ્રાકૃતિક ચિકિત્સક**(દવા વિના)કાર્ય કરી શકશો.

**DNYS (એક વર્ષ): CNYS** પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ દિવાળી બાદ કરી શકાશે.

**લાયકાત : CNYS** પાસ કે **ધોરણ ૧૨Sc પાસ - ૧ વર્ષ**

DNYS **રૂ. ૮ હજાર (રજીસ્ટ્રેશન-૧૦૦૦ રૂપિયા+ઓનલાઈન અભ્યાસ**, PDF **સાહિત્ય)**

DNYS **ઓનલાઈન અભ્યાસઃ** ભોપાલ દ્વારા ઓનલાઈન હિન્દીમાં વ્યાખ્યાન અપાશે. કુદરતી ઉપચાર એટલે શું? થી શરૂ કરીને વિવિધ રોગો માટે કુદરતના પાંચ તત્વો (આકાશ વાયુ અગ્નિ પાણી પૃથ્વી) કઈ રીતે કામ કરશે તે માટે હાઈડ્રોથેરાપી, મડ થેરાપી, માલિશ, આહાર ચિકિત્સા તથા યોગાસન વ્યાખ્યાન આપવામાં આવશે.

**ઓનલાઇન પરીક્ષા** હિન્દી માધ્યમમાં **ઘરે બેઠા** ઓનલાઈન આપી શકાશે.

**પરિચય :** કેટલીક ઉપયોગી ચિકિત્સા;હાસ્ય થેરાપી, મ્યુઝિક થેરાપી, રેકી, તાવરીયાજીની 3SRB શ્વસન પદ્ધતિ, એક્યુપ્રેશર, મેગ્નેટ થેરાપી વગેરેનો પરિચય કરાવવામાં આવશે.

**૧ વર્ષે DNYS પૂરો કરીને ડિપ્લોમા પ્રમાણપત્ર મળશે.**

**રોજગાર :** જે વિદ્યાર્થી નેચરોપેથી ચિકિત્સક તરીકે કાર્ય કરવા માંગતા હોય તેમને ઘરમાં અથવા સાધકના ઘરે જઈને (માત્ર ને માત્ર પ્રાકૃતિક દવા વગરની સારવાર) તે પ્રકારનું કાર્ય કરવા સંપૂર્ણ સહયોગ આપીને તૈયાર કરવામાં આવશે.

**ચિકિત્સામાં કોઈ પણ પ્રકારની દવા આપવાની હોતી નથી.**

**GOOGLE FORM LINK :** https://forms.gle/z4DwTo3qYb9PXjsaA

PARMARTH FOUNDATION
BHAVNAGAR
+91 9016122291

**CNYS : રજીસ્ટ્રેશન ૧૦૦૦ ફી +અભ્યાસ ફી ૭૦૦૦**

**DNYS : રજીસ્ટ્રેશન ૧૦૦૦ ફી +અભ્યાસ ફી ૭૦૦૦**

બારકોડ(**GOOGLE PAY ૯૦ ૧૬ ૧૨૨૨ ૯૧) માં મોકલીને**

૯૪ ૨૬૨૫ ૫૫૦૦ / ૯૯૦ ૧૪૧૮ ૫૪૩ ઉપર **તેનો સ્ક્રીનશોટ,**

તમારું નામ, ઉંમર, અભ્યાસ તથા સરનામું **મોકલવા.**

**માહિતી : whatsapp ૯૯૦ ૧૪૧૮ ૫૪૩ / ૯૪ ૨૬૨૫ ૫૫૦૦**

**સંસ્થા ફેકલ્ટી**

૧. વિનુભાઈ ગાંધી. ૨. રમુ'ભા જાડેજા, યોગાચાર્ય. ૩. ડો. નવનીત રાઠોડ.
૪. પરેશ દવે ૫. નરેન્દ્ર વેલાણી. ૬. પૃથા યાજ્ઞિક. ૭. બીપીન શાહ
૮. ડો.હેનીબેન (DNYS-પ્રાકૃતિક ચિકિત્સક)
૯. ડો.આરતી સોલંકી (DNYS-પ્રાકૃતિક ચિકિત્સક)
૧૦. ડો. સાધનાબેન (DNYS-પ્રાકૃતિક ચિકિત્સક-ડાયટીશ્યન)
૧૩. ભૂમિબેન ડાયટીશ્યન



# કુદરતી ઉપચાર દ્વારા રોગમુક્તિ

**૧.** કોઈપણ પ્રકારની દવા વગર માત્ર આહાર આયોજન, માટી ચિકિત્સા, પાણી ચિકિત્સા, માલીશ, એનીમા, જુદા જુદા પ્રકારના શેક, પ્રાર્થના, યોગ, પ્રાણાયામ, ધ્યાન, કસરત તથા મનોચિકિત્સા જેવા કુદરતી ઉપચારો દ્વારા રોગના મૂળ કારણ ઉપર ધ્યાન આપીને સ્વસ્થ જીવન મેળવી શકાય.

**૨.** માનવ શરીર પંચમહાભૂતોનું બનેલ છે; પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આ પંચ મહાભૂતોમાં થોડી પણ અવ્યવસ્થા થાય તો રોગ ઉદ્ભવે છે.

**૩. રોગ શા માટે?:** શરીર-મનની મોટા ભાગની તકલીફો માટે, કોઈપણ એક, આહાર-વિહાર, જીવનશૈલી તથા વિચાર-મનમાં થતી અસંતુલીતતા કારણભૂત છે. એ કારણે શરીરમાં વિષદ્રવ્યોનો સંચય થાય છે જે રોગનું કારણ બને છે.

**૪.** કુદરતી ઉપચાર એ પ્રકૃતિ સાથે સંતુલનમાં રહીને સ્વસ્થ રહેવાનું ખુબ સરળ વિજ્ઞાન છે. શરીરમાંની જીવની શક્તિ(Healing Power), ખોરાકનું પાચન, રોજિંદી તુટફુટનું સમારકામ તથા શરીરની કોઈપણ અવ્યવસ્થાને સંતુલિત કરવાનું કાર્ય સતત કરતી રહે છે. દા.ત. ચામડીનું સંધાવું, ફ્રેક્ચર પછી હાડકાનું સંધાવું વગેરે. શારિરીક કે માનસિક અવસ્થામાં શરીર પોતાની જીવની શક્તિનો ઉપયોગ કરી રોગમુક્ત થઇ શકે છે, જેના માટે યોગ્ય આહાર-વિહાર અને વિચાર દ્વારા જીવનશૈલીમાં પરિવર્તન કરવું જરૂરી છે.

# કુદરતી ઉપચારના સિદ્ધાંતો

**૧.** માનવ શરીર, જીવનના પહેલાં શ્વાસથી આખરી ક્ષણ સુધી હંમેશાં સ્વસ્થતા તરફ જ ગતિ કરતું હોય છે. શરીર સ્વયં ચિકિત્યક છે. એ સ્વયં સંચાલિત તથા સ્વયં નિયંત્રિત છે. જે સ્વયં સમારકામ કરવાની ક્ષમતા ધરાવે છે. (Auto Repair Machine)

**૨.** તીવ્ર રોગ જેવા કે શરદી, ઉલટી, ઝાડા, માથાનો દુઃખાવો, સોજો, તાવ, ગુમડા વગેરે શત્રુ નથી પણ મિત્ર છે, જુના દબાયેલા રોગના વિષદ્રવ્યો, ઉભાર રૂપે, કુદરતી ઉપચાર દ્વારા બહાર નીકળે છે. જીર્ણ રોગ(જુના રોગ)ને સાજા થતાં વાર લાગે છે.

**૩. મનોપચાર :** માનસિક તણાવ અને સ્વાસ્થ્ય એકબીજા સાથે જોડાયેલા છે. તણાવ થવાના પરિબળોમાં કામનો બોજ, આર્થિક, કૌટુંબિક, સામાજિક તથા આંતરીક વ્યક્તિત્વ ભાગ ભજવે છે. બચાવ કરવાની કુદરતી સંરચના છે જેમાં ચેતાતંત્ર ભાગ ભજવે છે.

**તણાવમુક્તિ ઉપાય :** ૧.આહાર-વિહાર ને વિચાર પરિવર્તનથી જાગૃતતા ૨. સંગીત ૩. કાઉન્સેલીંગ ૪. સ્વઅધ્યન ૫. યોગ-પ્રાણાયામ, યોગનિદ્રા-ધ્યાન ૬.પ્રાર્થના- સ્વાધ્યાય-સેવા ૮. બાળકો સાથે રમતગમત ૯. આપ્તજનો સાથે આનંદદાયક સમય.

**૪. કસરત - વ્યાયામઃ** નિયમિતતા જાળવીને મનને આનંદ આવે તેવી સહજતાથી ભુખ્યા પેટે ગમે ત્યારે અથવા જમ્યાના ૨ કલાક પછી કસરત કરવી. (ચાલવું, દોડવું, જીમ, રમતો રમવી, નાચવું, સાયકલિંગ, સ્વિમિંગ, બાગકામ, ઘરકામ, યોગ, પ્રાણાયામ, અન્ય શારીરિક શ્રમના કામ કરી શકાય.)